Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૦૭ · તા. ૦૮ થી ૧૪ ફેબ્રુઆરી ૧૪ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## સમ્યગ્ દર્શનનાં આઠ સૂત્રોમાં જીવન જીવવાની કલા



જીવન સાથે જોડાયેલી મોટા ભાગની સમસ્યાઓનું સમાધાન છે. જાણવું સહેલું છે પણ સમજવું મુશ્કેલ. અભય, નિ:શંકા, સ્થિરતા, નિષ્કામભાવ, ગુણાનુરાગ, તરલ દૃષ્ટિ, પ્રેમ - વાત્સલ્ય અને પ્રભાવના દ્વારા મૂળભૂત સત્યને જાણી શકાય છે. જીવન પરિવર્તનો આ સરળ માર્ગ છે.

સમ્યકત્વ એટલે આત્માનો ગુણ, સમ્યગ્ દર્શન એટલે સત્યનું દર્શન, સમ્યકત્વ એટલે નહીં વધુ નહીં ઓછું. એટલે કે યથાયોગ્ય, સમ્યકત્વ એટલે વિવેક દૃષ્ટિ. જેમ બીજ વિના અંકુર ફુટે નહી તેમ સમ્યકત્વ વગર ગમે તેટલી ક્રિયાઓ કરવામાં આવે, પરંતુ તેનું પરિણામ આવતું નથી. સમ્યક્‌મા સ્થિરતા અને સંતુલન છે. જે. આપણને જીવનના સાચા માર્ગ તરફ લઈ જાય છે.

સમ્યગ્ દર્શનનાં આઠ સૂત્રો એ જીવન જીવવાની ચાવી છે. જીવનને સહજ અને તરલ બનાવવાનો માર્ગ છે. અભય, નિષ્કાંક્ષા, સ્થિરતા, નિષ્કામભાવ, ગુણાનુરાગ, તરલ દૃષ્ટિ, પ્રેમ - વાત્સલ્ય, અને પ્રભાવ દ્વારા સત્યને જાણી શકાય છે અને જીવનને પરિવર્તિત કરી શકાય છે. જાણવું, સમજવું અને તેને જીવનમાં ઉતારવું તે ત્રણ માર્ગો જે આપણને જીવનના ચોથા સત્ય અને પૂર્ણતાના માર્ગ તરફ લઈ જાય છે. જાણવું સહેલું છે, સમજવું મુશ્કેલ અને જીવનમાં ઉતારવું અતિ મુશ્કેલ છે. આ આઠ સૂત્રો જીવન ઉત્કર્ષના આઠ કદમો છે.

જીવનમાં સુખ-દુખ, આધિ - વ્યાધિ, ચડતી - પડતી, આશા - નિરાશા, કામ - ક્રોધ, લોભ, મોહ આ બધું છે. જેના કારણે અશાંતિ અને બેચેની છે. માણસ સુખ કરતાં દુ:ખનો વધુ અનુભવ કરે છે. જેની પાસે છે અને નથી બંને દુ:ખી છે. સુખ સીમિત નથી. તે જાંજવાના જળ જેવું છે. જેમ નજીક જાવ તેમ તે દુર થતું જાય છે. ઈચ્છિત સુખના ટાપુને કોઈ શોધી શક્યું નથી સ્વાર્થ, લોભ, લાલસા, ઈર્ષા, અદેખાઈ અને અસંતોષને કારણે સુખ પણ ધીરે ધીરે દુ:ખમાં પલટાઈ જાય છે.

સુખ બધાનાં સરખા નથી. એકનું સુખ બીજાનું દુ:ખ બની શકે છે. માણસ વિરોધાભાસ વચ્ચે જીવી રહ્યો છે. અંદર અને બહાર જુદું છે. માણસ સુખ અને દુ:ખના તાણાવાણા વચ્ચે ખેંચાયા કરે છે. જીવનમાં સૂખ અને સુખ શક્ય નથી. સુખ અને દુ:ખ જીવનનાં બે ચક્રો છે અને બંનેનો સ્વીકાર એ જ જીવનનો આનંદ છે. આ વાસ્તવિકતાને સમજવા આ સૂત્રો ઉપયોગી છે. સુખ અને દુ:ખ બંનેમાં તીવ્રતા અને તણાવ છે. માણસ અનિશ્ચિતતા અને ભયમાં જીવી રહ્યો છે. માણસ એમાંથી કઈ રીતે બહાર નીકળી શકે. કઈ રીતે શાંતિનો અનુભવ કરી શકે એ માટેનો માર્ગ સમ્યગ્ દર્શનમાં રહેલો છે.

**સમ્યગ્ દર્શનનું પ્રથમ સૂત્ર છે. અભય** - નિ:શંકા એટલે કે જીવનમાં કોઈપણ જાતનો ભય અને શંકા રાખવી નહીં. ભયના કારણે માણસ સાચું જોઈ શકતો નથી અને આગળ વધી શકતો નથી.

માણસના મનમાં અનેક જાતના ભયો ઊભા થતાં હોય છે. મોટાભાગના ભયો કલ્પના પર આધારિત હોય છે. ભયની ચિંતામાં માણસ અર્ધો થઈ જાય છે. જીવનમાં સમજપુર્વકનું સાહસ અને હિંમતની જરૂર છે. ભયથી ડરવાની જરૂર નથી તેનો મક્કમતાથી સામનો કરવાની જરૂર છે. જે માણસ ડરે છે તે ક્ષણે ક્ષણે મરે છે અને જે અભય છે, કોઈપણ જાતની ભવિષ્યની શંકા વગર જીવે છે તે મુશ્કેલીને પાર કરી જાય છે. કોઈપણ આફત અને મૂશ્કેલી આવે તે પહેલા મરણને શરણ થાય છે. હિંમત અને સાહસ વગર સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે નહીં.

અનુસંધાન ૬ પાને

# શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલીની ચુંટણીના પરિણામોના સુચિતાર્થો : જ્ઞાતિ ફરી ગાડરીયાપણાથી સંતુલનભણી

મહત્વની દ્રષ્ટિએ મુંબઈ મહાજનની મીની ચુંટણી તરીકે ઓળખાયેલ ક.દ.ઓ. મંડળ ડોંબિવલીની ચુંટણીના પરિણામો ડોંબિવલીના જ્ઞાતિજનોની સમજદારી બતાવે છે.

વીરસેનાને ૭૦ ટક્કા બેઠકો આપીને મતદારો દ્વારા એમ કહેવામાં આવ્યું છે કે અમે જાણીએ છીએ કે ડોંબિવલીમાં હોલ બનાવવા કે રહેઠાણ યોજના કરવા મુંબઈ સ્તરની અનંતનાથજી ટ્રસ્ટ જેવી સંસ્થા પાસેથી આવતા ભંડોળો જરૂરી છે અને હાલમાં તે જેમના હાથમાં છે એવા મુંબઈ સ્તરીય નેતાઓ જેમને ઈચ્છતા હોય તે તમે છો, તો એમની પાસેથી ભંડોળો લાવી એ બાબત સત્વરે આગળ વધો.

સામે પક્ષે રિદ્ધિ-સિદ્ધિ ગ્રૃપને ૩૦ ટક્કા બેઠકો આપીને મતદારો એ તેમને કહ્યું છે કે અમે જાણીએ છીએ કે આવતા ડીસેંબર મહીનામાં યોજાનારી મુંબઈ મહાજન અને અનંતનાથની ટ્રસ્ટની ચુટણીઓમાં અમે કેન્દ્રીય સ્તરે અત્યારે વર્ચસ્વ ધરાવનારા જો વચન પૂરા નકરી બતાવે તો તેમને ફેંકી દેતાં પહેલાં એક છેલ્લી તક આપવા માંગીએ છીએ અને તમારે એ માટે પ્રેશર ગ્રુપ (દબાણ લાવનાર જુથ) તરીકે કામ કરવાનું છે.

એટલે આ તબક્કે એ આશા રાખી શકાય કે ડોંબિવલીના જ્ઞાતિજનોએ આપેલ આ જનાદેશ સમજીને બન્ને પક્ષો ઓછામાં ઓછું ડોંબિવલી સ્તરે ચુંટણી પેહલાંની કડવાશ અને પોત પોતાના લેબલ ભૂલીને નિષ્ઠાપુર્વક સંપીને જ્ઞાતિહિત માટે કામ કરશે તો તે ઉચિત થશે.

જાકે અહીં મહત્વનો સવાલ એ ઊભો થાય છે કે વીરસેનાનું સમર્થન કરનાર અને મુંબઈ મહાજનની વ્ય. સમિતિના અને અનંતનાથ ટ્રસ્ટના લગભગ ૯૦ ટક્કા સભ્યો/ટ્રસ્ટીઓની ફોજને ચૂંટણીના દિવસે ડોંબિવલીમાં પ્રચાર માટે ઉતારનાર શ્રી અનંતનાથ ટ્રસ્ટ તથા શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ પર વર્ચસ્વ ધરાવનારઓ આ ચૂંટણીના પરિણામોમાંથી બોધપાટ લઈને પોતાની મનસ્વી, આપખુદ અને દમદાટીવાળી કાર્યપદ્ધતિ છોડી પારદર્શકતા અપનાવશે ખરા? એવા તર્ક વિતર્કોમાં આશાઓ ઓછી અને કુતુહલતા વધારે છે એવા સંકેતો આ તબક્કે તો સાંપડી રહ્યા છે.

અલબત્ત આ પ્રશ્નોનો ઉત્તર એકાદ બે મહીનામાં જ્ઞાતિજનોને મળી જાય તેવી શક્યતા છે. એટલે તેને અત્યારે મહત્વ ન આપીએ તો પણ ડોંબિવલીના જ્ઞાતિજનોએ આપેલા જનાદેશના પ્રકાશમાં જ્ઞાતિના નિષ્પક્ષ અને અનુભવી સમજદાર વર્ગે કરેલી અંદાજપત્ર બનાવવાની અને તેને જ્ઞાતિસમક્ષ મુકવાની માગણી હવે જ્ઞાતિના


**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 07/2014**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

સર્વ અગ્રણી ટ્રસ્ટો અને મહાજનોના અધિકારીઓને ચેતવણીની લાલ બત્તી બતાવે છે અને એ રીતે તે આગવું મહત્વ ધારણ કરે છે.

જ્ઞાતિને મોટા - મોટા વચનો આપનારા ખરેખર શું કરી રહ્યા છે કે કરવાના છે તે જાણવાનો જ્ઞાતિ પાસે સૌથી સરળ માર્ગ તે માટે અંદાજપત્રકમાં તે અંગે ફાળવણી થઈ છે કે નહી તેની ચકાસણી કરવાનો છે.

અહીં એક વધુ મહત્વની વાત એ છે કે ભારતીય લોકશાહીને વધુ સાર્થક બનાવવા ચૂંટણી પંચે પણ કહ્યું છે કે ઉમેદવારોએ તેમના દ્વારા ચૂંટણી ઢંઢેરામાં અપાતા વચનો માટેના નાણા ક્યાંથી અને કેવી રીતે આવવાના છે તેનો ખુલાસો કરવો પડશે.

ડોંબિવલીના જ્ઞાતિજનોએ આપેલ જનાદેશ તેમણે જેમને ચાર વર્ષ પહેલા પરમોધ્ધારક તુલ્ય માનેલા તેમના પ્રત્યેની ઉગ્ર નારાજગી છે કે દરેક સમજદાર મતદારે ક્યારેય ગાડરીયા વલણના શિકાર ન બનવું જોઈએ તેમજ પક્ષ-વિપક્ષ વચ્ચે સંતુલન રાખવું જોઈએ તેવી સમજદારી - સાવચેતી રાખવી જોઈએ એ તો આવનારો સમય બતાવશે પણ એક વાત નક્કી છે કે જ્ઞાતિનો મુંબઈ નો મતદાર ધીમે ધીમે કે મોડે મોડે સમજદાર બની રહ્યો છે અને મુંબઈ મહાજન અને અનંતનાથજી ટ્રસ્ટની આગામી થોડા મહિનાઓમાં યોજનારી ચુંટણીઓ સુધી તો તે પરિપક્વ બની ગયો હશે.

**- ચંદ્રસેન મોમાયા**

## હવેથી ગ્લેઝ ન્યુજ પેપર પર પણ ફોર કલર જાહેરાત આપવાની સુવિધા.

**પ્રકાશ સમીક્ષાના ગયા અંકથી ગ્લેઝ ન્યુજ પેપર પર ફોર કલર મેટર અને જાહેરાત આપવાનું શરૂ થયું છે. અજમાયશ ધોરણે કલર જાહેરાતો ફુલપેજના રૂ. ૫૦૦૦/- હાફ પેજના રૂ. ૨૬૦૦/- અને ક્વાર્ટર પેજના રૂ. ૧૪૦૦/- ના હિસાબે કલર જાહેરાતો સ્વીકારવામાં આવશે. લાભ લેવા વિનંતી.**

### જાહેરખબર દાતાઓને સુચના

જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/વ્હાઈટ છે કે કલર છે, જા.ખ.ની સાઈઝ, જા.ખ.નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000 | 4,000 |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000 | 2,250 |
| પા પાનું | 77 x 111 mm | 2,500 | 1,250 |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | - | 700 |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 350 |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA ના નામે લખવા

### પ્રકાશ સમીક્ષાનું નવું કલેવર કેવું લાગ્યું? જરૂરથી અભિપ્રાય આપશો.

છેલ્લા બે અંકથી પ્રકાશ સમીક્ષાએ નવું સ્વરૂપ ધારણ કર્યું છે, તે આપે નોધ્યું હશે. આ ફેરફાર આપવાની કેવા લાગ્યા તે બદલ જરૂરથી અભિપ્રાય આપશો અને તેવી નવરચનામાં સહભાગી થશો. એજ અપેક્ષા.

### ગ્રાહક લિસ્ટમાંથી વારંવાર પાછા આવતા સરનામા દુર કર્યા છે, કોઈ ફેરફાર હોય તો સુચવશો

આ અંકથી વારંવાર પાછા આવતા અંકો ના સરનામા ગ્રાહક લિસ્ટ માંથી દુર કર્યા છે. આમા પોસ્ટ વાળા તરફથી કોઈ ખામી હોય તે શક્ય છે. જેમના નામ દુર થયા હોય તેમણે ભુલ થી દુર થયેલા સરનામા ફરીથી ઉમેરાવી.

## ૧૫મી પુણ્યતિથીએ ભાવભરી શ્રધાંજલિ



જન્મ :
તા. ૩ મે ૧૯૫૨

દેહ વિલય :
તા. ૧૭ ફેબ્રુઆરી ૧૯૯૯

# સ્વ. મહેન્દ્ર ખેતશી મુનવર (કચ્છ :જખૌ – મુંબઈ/હુબલી)

### * સુમન અર્પણ *

| | | |
|---|---|---|
| માતુશ્રી | : | કાન્તાબાઈ ખેતશી મુનવર |
| પત્ની | : | શોભના (સ્વ. શ્રી ધનજી વર્ધમાન નાગડા – નલિયાના દીકરી) |
| પુત્ર | : | ભાવેન મહેન્દ્ર શાહ |
| વહુ | : | અમીશા (સ્વ. શ્રી પ્રેમચંદ શામજી નાગડા – જખૌની દીકરી) |
| ભાભી – ભાઈ | : | કિરીટઅને શોભા (સ્વ. શ્રી મણીલાલ પ્રેમજી દંડ – લાલા) |
| | : | કૈલાસ અને રશ્મી (શ્રી શાંતિલાલ ભવાનજી લોડાયા – નલિયા |
| | : | પંકજ |
| બહેન – બનેવી | : | કલ્પના શૈલેશ સનત શાહ (લોડાયા) – મોટી સિંધોડી |
| ભત્રીજા/ભત્રીજી | : | હર્ષલ અને પૂજા |
| | : | હિરલ અને રેની મેથ્યુ |
| | : | જસ્મીન અને સિધાર્થ અશોક ખોના |
| | : | દશા અને નોહીલ નીતિન મોતા |
| | : | હિના પંકજ મુનવર |
| ભાણેજ | : | સમર્થ શૈલેશ શાહ |

સરનામું : બી– ૦૦૫, રામેશ્વરમ દર્શન, કો. ઓ.સો.લિ. અયોધ્યા નગરી, માનપાડા રોડ, ડોંબિવલી પુર્વ ૪૨૧૨૦૧

વીત્યા વર્ષ પંદર તોય તાજી તમારી યાદ
હમેશા સ્મૃતિમાં રહેશો કરશો મુક સંવાદ

**હજુ આપની ખોટ અનુભવતા કુટુંબીઓ**







# સેવક ભરૂડિયા ગામે પ્રવેશ દ્વારો તથા સોમેશ્વર મહાદેવ મંદિર નિર્માણના ભુમિપુજન પ્રસંગે પધારવા હાર્દિક નિમંત્રણ

મુકામ : સેવક ભરૂડિયા પો. દલતુંગી તાલુકો લાલપર જી. જામનગર (સૌરાષ્ટ્ર)

## લાભાર્થીઓની ભુરી ભુરી અનુમોદના

સર્વે ગામ વાસીઓ, મહાજનો તથા જ્ઞાતિજનો,

સહર્ષ જણાવવાનું કે **ગામ સેવકભરૂડિયાના આંગણે રૂડો અવસર આવેલ છે.** તે માટે આપ સર્વેને પધારવા હાર્દિક આમંત્રણ પાઠવીયે છીએ.

સ્થાનિક સભ્યોની વિનંતીને માન આપીને આપણા **બે શ્રેષ્ઠીઓએ ગામમાં બે પ્રવેશદ્વારના નિર્માણનો લાભ લીધેલ છે.** તે ઉપરાંત સોમેશ્વર મહાદેવ**ના મંદિરના નિર્માણનો લાભ લીધેલ છે.**

આ બને શુભ કાર્યના **ભૂમિપુજન તા. ૨૭.૨.૨૦૧૪ વાર ગુરૂવાર (મહાશિવરાત્રી)**ના વિજય મહુર્તે રાખવામાં આવેલ છે.

૧. રંગપુર ગામથી ભરૂડિયા આવવાના માર્ગ પર ગામના પાદરે નિર્માણ પામનારા **પ્રથમ પ્રવેશદ્વાર**ના **લાભાર્થી માતુશ્રી નવલબેન મણીલાલ પદમશી દંડ** પરિવાર હસ્તે પુત્ર – પુત્રવધુ ● અ.સૌ. હેમલતા મહેન્દ્ર દંડ, ● અ.સૌ. ઊર્મિલા અશોક દંડ, ● અ.સૌ. સંગીતા રાજેશ દંડ છે.

૨. લાલપુર ગામથી ભરૂડિયા આવવાના માર્ગ પર પાછળની બાજુ નિર્માણ પામનારા **દ્વિતીય પ્રવેશદ્વાર** તથા સોમેશ્વર મહાદેવના મંદિર નિર્માણના લાભાર્થી **શેઠશ્રી સોમચંદ ઠાકરશી ધમરશી પરિવાર** છે.

**આ શુભ પ્રસંગે આપ સૌને પધારવા આગ્રહભરી વિનંતી.**

લિ. સેવક ભરૂડિયા ગામવાસીઓ તથા મહાજનો વતી

● નવિનચંદ્ર દામજી ધુલ્લા, ● હંસરાજ પદમશી ધરમશી,
● નાથુભાઈ શીવુભા પરમાર, ● કમા જેઠા ખરા

**સ્થાનિક ટ્રસ્ટી:** જયેશ કુંવરજી દંડ કિશોર રામજી ધુલ્લા,

**ઉપસરંપચ ગ્રામ પંચાયત :** કરસનભાઈ હિરાભાઈ ગમારા

ગામના પ્રમુખ તથા સરપંચ શ્રી કલ્પેશ અરવિંદ રૂપશી દંડ મો. 08140811872

**નોંધ : ગામમાં ચણ નાખવા માટેનો ઓટો બનાવવાનો છે. તેનો લાભ લેવા સરપંચ શ્રી કલ્પેશભાઈ તથા ગામવાસીઓનો સંપર્ક કરવા વિનંતી.**

## સમ્યગ્ દર્શનનાં આઠ સૂત્રોમાં જીવન જીવવાની કલા ૧લા કવરથી ચાલુ

**બીજું સૂત્ર છે નિષ્કાંક્ષા,** જીવનમાં બહુ ઈચ્છા અને અપેક્ષા રાખો નહીં. જે મળ્યું છે તેમાં સંતોષ અને આનંદનો અનુભવ કરો. ઈચ્છા અને અપેક્ષા માણસને ચલિત અને વિહવળ બનાવે છે. અપેક્ષા મુજબ કશું બને તો તેનું સુખ બહુ મોટું નથી. તમે ધારેલું હતું અને બન્યું. પણ અપેક્ષા મુજબ ન થાય તો તેનું દુઃખ આકરું છે. બાપને અપેક્ષા હોય કે દીકરો સુખેથી રાખશેઅને એમ બને તેનો બહુ આનંદ હોતો નથી પણ આવી આશા રાખી હોય અને દીકરો ઘરમાંથી કાઢી મૂકે તો તેનું દુઃખ અપાર છે. પરીક્ષામાં સારા માર્કસ મળશે એવી અપેક્ષા હોય અને ઓછા માર્ક્સ આવે તો નિરાશા ઊભી થાય છે. અપેક્ષા અને આકાંક્ષાના બદલે મનમાં શ્રદ્ધા અને વિશ્વાસ જગાવો કે જીવનમાં જે કાંઈ પરિસ્થિતી ઊભી થશે તે મને સ્વીકાર્ય છે. જીવનનો નિયમ છે જેની પાછળ આપણે દોડીએ છીએ એ દૂર ભાગે છે અને જે નથી માગતા એ દોડતું આવે. નિષ્કામકભાવ પેદા થાય તો બધા વળગણમાંથી છૂટી શકાય.

**ત્રીજું સૂત્ર છે નિર્વિચિકીત્સા.** એટલે જુગુપ્સાનો અભાવ. પોતાના દોષો અને બીજાના ગુણોના છૂપાવીએ તેનું નામ જુગુપ્સા. માણસ બીજાના ગુણોનો આદર કરતો નથી અને પોતાના અવગુણોને છુપાવે છે. બીજો માણસ સારો છે એ કહેવું મુશ્કેલ છે અને બીજો માણસ મારા કરતાં વધુ સારો છે એમ કહેવું અસંભવ છે. માણસ પોતાની ભુલ અને પોતાના દોષોનો સ્વીકાર નહીં કરે તેને ઢાંક્યા કરશે. એટલે આમાંથી બહાર નીકળવાનો તેને માર્ગ મળશે નહીં. તે પસ્તાવો કર્યા કરશે પણ પ્રાયશ્ચીત કદી નહીં કરી શકે. પોતાની ભુલો અને દોષોને છુપાવવા માટે દંભ, જૂઠ અને અસત્યનું આચરણ કરવું પડે છે. એક જૂઠને છુપાવવા માટે અનેક જુઠ આચરવા પડે છે. દંભનો અંચળો ઓઢવો પડે છે. જીવન એકદમ પારદર્શક હોવું જોઈએ. છુપાવવા જેવું કશું કરવું જોઈએ નહીં અને ગુણાનુરાગી બનવું જોઈએ.

**ચોથું સૂત્ર છે અમૂઢ દૃષ્ટિ.** મૂઢતા એટલે ભ્રમ દૃષ્ટિ. માણસ મોટે ભાગે ભ્રમ અને ભેદમાં જીવે છે. પોતાની સ્પષ્ટ દૃષ્ટિ નથી. ગાડરિયા પ્રવાહની જેમ તણાયા કરે છે. સાચું શું ખોટું શું સમજવાની શક્તિ નથી. બીજા કરે છે તેમ કર્યા કરે છે. ભીડ અને ટોળામાં માણસ પાગલ બની જાય છે નો ન કરવાનું કરી બેસે છે. માણસે પોતાની રીતે ચાલવું જોઈએ. બીજાનું અનુકરણ કરવાની જરૂર નથી. દરેક માણસને પોતાના ગુણધર્મો છે અને તે અનુસાર તેણે પોતાનો માર્ગ શોધવાનો છે. માણસ મોટે ભાગે જાણ્યે અજાણ્યે પોતાનાથી ચડિયાતા માણસોની નકલ કરતો હોય છે. આપણે આપણી રીતે બરાબર છીએ. બીજા જેવા બનવાની જરૂર નથી. આ દુનિયામાં કોઈ સંપૂર્ણ નથી. માનવ માત્ર અધૂરાં.

**પાંચમું સૂત્ર છે ઉપગૂહન.** આનો અર્થ છે પોતાના ગુણગાન ગાવા નહીં. ગમે ત્યાં સમજ્યા વિચાર્યા વગર આગળ થવું નહીં. પોતાના પર દૃષ્ટિ રાખવી. પારકી પંચાત કરવી નહીં. બીજા શું કરે છે તે પર ધ્યાન આપવાના બદલે આપણે શું કરી રહ્યા છીએ એ અંગે વિચારવું. આપણી ક્ષતિઓને સુધારવી. બીજા પર દોષનો ટોપલો ઢોળવો નહીં. હું કાંઈક છું. મારા જેવું કોઈ નથી એવો ગર્વ રાખવો નહીં. આ પ્રકારનું અભિમાન આપણને પતનના માર્ગે લઈ જાય છે.

**સમ્યગ્ દર્શનનું છઠ્ઠું સૂત્ર છે સ્થિરતા.** મન એક આયામમાંથી બીજા આયામમાં જલદીથી સરકી જાય છે. મન અનેક રંગો પૂરી લે છે. જીવનના જે કાંઈ પ્રપંચો છે તે મનનું કારણ છે. રાગ, દ્રેષ, ઈર્ષ્યા અદેખાઈ એ મનની ઉપજ છે. મનની વૃત્તિઓને ગમે તેટલી દબાવી રાખો પણ તે એક યા બીજા સ્વરૂપે બહાર આવે છે.

મન વિપરિતમાં ચાલે છે. કોઈ આપણને કહે આમ કરતાં નહીં તો તે કરવાનું વધુ મન થાય છે. મન જે યાદ કરવાનું હોયે ભૂલી જાય છે અને ભુલી જવાનું હોય તેને યાદ કરે છે.

મનને અંકુશમાં રાખવું જરૂરી છે. મન શાંત થઈ જાય તો સમાધી છે. ***મન, દાતા, મન લાલચી, મન રાજા, મન રંક. યહ મને જો હરિસે મિલે તો હરિ મિલે નિશંક*** કબીરના આ પદને યાદ કરવું અને મનને સ્થિર અને શાંત કરવું આવશ્યક છે.

**સાતમું સૂત્ર છે વાત્સલ્ય.** પ્રેમ અને વાત્સલ્યમાં ફરક છે. પ્રેમમાં તમે જેટલું આપો છો તેટલું મળે છે. પ્રેમ આપ્યા વગર વળતો નથી. પ્રેમ આપ્યા વગર મળતો નથી. પ્રેમ હોય ત્યાં તમે બીજાને દુઃખ પહોંચાડી શકો નહીં. પ્રેમ હોય

તો બીજાનું દુ:ખ આપણું બની જાય. પ્રેમનો આ મહિમા છે, પરંતુ વાત્સલ્યની ભાવના અનોખી છે તેમાં કશું લેવાનું નથી આપવાનું જ છે. જેના પ્રત્યે વાત્સલ્ય હોય તેના માટે ન્યોછાવર થઈ જવાનું છે. માતાને બાળક માટે વાત્સલ્ય હોય છે. માતા બાળક માટે પોતાનો જાન આપી દેવા માટે પણ તૈયાર થઈ જાય છે. આમાં કોઈ અપેક્ષા નથી. આમ કરીને કશું મેળવવાની ભાવના નથી. જે તમારી પાસે છે તે લૂટાવી દેવાનું છે. વાત્સલ્ય અંતરનો ભાવ છે. પ્રેમ સાથે વાત્સલ્ય ભાવના મળે તો કોઈ જાતનો સ્વાર્થ રહેતો નથી. તમામ પ્રત્યે આવી ભાવના જાગે ત્યારે આપણા અને પરાયાનો ભેદ રહેતો નથી. આવો અસીમ પ્રેમ અને આવો ભાવ ઉમટે ત્યારે સમજવું હૃદય ભીંજાઈ ગયું છે. અંતર છલકાઈ ગયું છે. મનનો બધો મેલ ધોવાઈ જાય છે.

**સમ્યગ્ દર્શનનું આઠમું સૂત્ર છે પ્રભાવના.** આનો અર્થ એ છે કે આપણે જે કાંઈ કરીએ તેમાં ધર્મની પ્રભાવના થવી જોઈએ. આપણે ઉઠીએ, બેસીએ કે કોઈપણ ક્રિયા કરીએ તેમાં સંયમ અને વિવેક હોવો જોઈએ. કોઈપણ જાતનું નુકસાન ન થાય તેનો ખ્યાલ રાખવાનો છે. આ જીવવનું અનુશાસન છે. બીજાને ઉપયોગી થવાની ભાવના છે. આપણે કદાચ કોઈને ઉપયોગી ન થઈ શકીએ તો કાંઈ નહીં પણ કોઈની આડા આવવું નહીં. ક્યાંય રૂકાવટ ઊભી કરવી નહીં. કોઈ જાતના ખોટા વાંધાવચકા કાઢવા નહીં. બધાની સાથે સહકારથી પ્રેમપૂર્વક રહેવાનો આમાં બોધ છે.

આ ઉપરાંત આપણી પાસે જે કાંઈ સારું છે તેની પ્રભાવના થવી જોઈએ. પ્રભાવના એટલે પ્રેમપુર્વક, ભાવપૂર્વક આપવું. કોઈ હાથ લાંબો કરે તે પહેલાં આપવું. ઉદારતા દાખવવી, મન મોટું રાખવું. આપણી પાસે ધન હોય તો ધન, જ્ઞાન હોય તો જ્ઞાન, શક્તિ હોય તો શક્તિ, પદ, સ્થાન અને સત્તા હોય તો તેનો સદ્ ઉપયોગ કરવો જોઈએ. જીવનમાં જે કોઈ આપે છે તે જ મેળવે છે. ધન, સત્તા અને શક્તિનો સારો યથાર્થ ઉપયોગ થવો જોઈએ. નાનું એવું દાન પણ જો મનથી થાય તો તે સોનાનું બની જાય છે. સમ્યગ જીવનના આ આઠ સુત્રો જીવનમાં જો ઊતરે તો સમજો પરિવર્તન થઈ ગયું. જીવનમાં તમામ પ્રશ્નોનું આમાં સમાધાન છે. બધા આવરણો હટી જશે અને દૃષ્ટિ પારદર્શન બની જશે. સત્ય સમજાઈ જશે અને જીવનયાત્રા ધર્મયાત્રા બની જશે.

*- મહેન્દ્ર પુનાતર મુંબઈ સમાચારમાંથી સાભાર*


-: શ્રી વિમલનાથાય નમ :-

## શ્રી બાંડીયા (અબડાસા) નગરે

# ત્રિહાન્હિકા મહોત્સવ

**તારીખ ૧૪-૪-૨૦૧૪ થી ૧૬-૪-૨૦૧૪ ચૈત્ર સુદ ૧૫ (પૂનમ) થી ચૈત્ર વદ ૨ (બીજ)**

**૧૫૦ વર્ષ પ્રાચીન શ્રી વિમલનાથજી જિનાલય સાર્ધ શતાબ્દિ મહોત્સવે અનંતલબ્ધિ નિધાન ગણધર શ્રી ગૌતમ સ્વામીજી, અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલી માતાજી, શાસન સામ્રાજ્ઞી શ્રી ચક્રેશ્વરી દેવી, રાજરાજેશ્વરી શ્રી પદમાવતી દેવીજી તથા શ્રી કલ્યાણસાગર દાદાના પગલાની પ્રતિષ્ઠા એવં શ્રી આરાધના ભવન તથા ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન સાથે તક્તિઓનું અનાવરણ પ્રસંગે જિનભક્તિમય ત્રિહાન્હિકા મહોત્સવે શ્રી સંઘો મહાજનો તથા ગામવાસીઓને પધારવા**

# ભાવભર્યું આમંત્રણ

**શુભ નિશ્રા**

૪૫-૪૫ વર્ષીતપ આરાધક, અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. તથા અન્ય સાધુ-સાધ્વી ભગવંતો

**આમંત્રક :- શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન (બાંડીયા કચ્છ)**

**નોંધ : ઉપરના કાર્યક્રમની તૈયારી માટે બાંડીયા ગામવાસીઓની જનરલ સભા રવિવાર, તા.૨૩-૨-૨૦૧૪ ના રોજ ૩ થી ૫ દરમ્યાન શ્રી વિરજી જીવરાજ મેપાણી (દેવપુંજ) હોલ, વાલજી લધા રોડ, મુલુન્ડ (વેસ્ટ) ખાતે રાખેલ છે. સર્વે ગામવાસીઓ જરૂરથી પધારે.**

## કેન્સરને કેન્સલ કરનાર કે.ડી.ઓ. કનૈયો

કેન્સરનું નામ સાંભળતાં જ આપણાં હાજાં ગગડી જાય, માથે આભ તુટી પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ જાય. હોસ્ટલમાં રહેતા કુમળી વયના બાળકને બ્લ.ડ કેન્સરનું નિદાન થયું. સારવારાર્થે મુંબઈમાં મોકલાયો.

માનવજ્યોતના માર્ગદર્શન હેઠળ કુનેહ ઘડી જ્યુપીટર, ટાટા અને હિન્દુજા હોસ્પિટલમાં જુદા ટેસ્ટો થયા, નાની સર્જરી થઈ, કીમોથેરપીના ડોઝ અપાયા.

આ બાળકની નૈતિક હિંમતને દાદ આપવી પડે. માબાપે અને બહેને તેના રોગ સામે લડી લેવાનો જુસ્સો ટકાવી રાખવામાં ઉદીપક જેવું કામ કર્યું.

આર્થિક રીતે સમસ્ત કે.ડી.ઓ. સમાજ તેમની પડખે હતો. અનંતનાથજી દાદાના ટ્રસ્ટની, નરશીનાથા ટ્રસ્ટની, કલ્પેશ મોતાની, પારસ મૈશેરીની, અને માલતીબેનની, રાયચંદ હંસરાજની, એવા અનેક નામી અનામીની સમયસરની સહાય અત્યંત મદદરૂપ નીવડી.

નવાઈની વાત તો એ છે કે હોસ્ટલના બાળકોના જૂથથી છુટા પડેલા એ લાડીલા વિદ્યાર્થીની ચિંતા કરતા. એ બાળકોએ પણ પોતાની લાગણી વ્યક્ત કરતા ફોન અવારનવાર કરતા રહ્યા. એ તો ઠિક, પણ પોતાની બચતની રક્કમ પણ તેમણે તેની સારવારાર્થે મોકલી.

આ છે કે.ડી.ઓ. જ્ઞાતિની શાન. સમાજે આ બાળકની પડખે મૂશ્કેલી વખતે ઊભા રહી તેનો જુસ્સો વધાર્યો. આજે આ બાળક લગભગ લગભગ સાજો થઈ ગયો છે. તે તેની પરિક્ષાની તૈયારીમાં સંપુર્ણપણે વ્યસ્ત છે.

ધન્ય છે અનંતદાદા ટ્રસ્ટ અને નરશીનાથા ટ્રસ્ટ તેમ જ કે.ડી.ઓ. સમાજના વ્યક્તિગત દાતાઓને.

સમસ્ત કે.ડી.ઓ સમાજવતી આ તરવરીયા બાળકને આરોગ્યભર્યું દીર્ઘાયુ પામો તેવા આશીર્વાદ. સમૃદ્ધ સમાજની સૌજન્યશીલતા, સહાનુભૂતિ અને સહજતા સાથેનો સહકાર અને સુંદર પ્રતિસાદ, ને શતશત પ્રણામ.

- કુલીનકાંત ચાંપશી લુઢીયા - માનવજ્યોત


## ૧૪મી પુણ્યતિથીએ સ્મરણાંજલિ



જન્મ :
૪.૯.૧૯૨૨

અરિહંત શરણ :
૧૪.૦૨.૧૯૯૦

શુન્યમાંથી સર્જન કરનાર પ્રેરણામુર્તિ
આપની સ્મૃતિને વંદન
કર્યા કામ અનેક ધર્મઅને સમાજના,
આપની યાદ હમેંશા પ્રેરતી રહે આપી પુણ્ય સ્પંદન..

**શાહ ધનજી કલ્યાણજી ધરમશી**

કન્નડ ફિલ્મ ઈંદે મહા સુદીના
(ગુજરાતીમાં : આજનો શુભ દિવસ) નિર્માતા

સ્થાપક : ખુશાલ ગ્રુપ ઓફ કંપની

DRL ડીઆર એલ લોજેસ્ટીક પ્રા. લિમીટેડ,

ખુશાલચંદ ધનજી શાહ 09844002300
રાહુલ ખુશાલ ધરમશી 09844009008
મેહુલ ખુશાલ ધરમશી 09320409008

ધરમશી રિસોટ પ્રાયવ્હેટ લિમિટેડ

ધરમશી હોલ્ડીંગ એન્ડ ડેવ્હલપર્સ પ્રાયવ્હેટ લિમિટેડ

આર કે લોજેસ્ટીક

આર કે ડેવ્હલપર્સ

હેડ ઓફીસ : કોમલ મેન્સન્સ, એમ.ટી.બી.રોડ,
મિનરવા સર્કલ પાસે, બેંગલોર, ૫૬૦૦૦૨
ફોન નં. ૦૮૦-૨૨૨૯ ૮૧૮૧/૮૨/૮૩, ફેક્સ નં. ૦૮૦-૪૨૦૬ ૦૬૧૩
ઈમેલ : bangalore@drllogistics.com Website : www.drllogistics.com

રિજનલ ઓફીસ : ૭૭/૮૦, પ્રણવ ચેમ્બર્સ,
યુનીટ નં. ૨, ગ્રાઉંડ પ્લોર, સેક્ટર ૧૯ સી,
વાશી નવી મુંબઈ - ૪૦૦ ૭૦૫, ફોન નં. ૦૨૨-૨૭૮૩૮૨૫૫/૮૨૬૬
ફેક્સ નં. ૦૨૨-૨૭૮૩૯૦૦૮
E: mumbai@drllogistics.com W: www.drllogistics.com

શુભેચ્છાસહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

શુભેચ્છા સહ...
શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)
**UK KHMJI & CO.**
144, Vasant Market yard, 4th Lane, Sangli
MH - 416 416 Tel.: 2670910 / 2322057

RAJSHREE YOGA & FAT FREE ZONE ®

WEIGHT MANAGEMENT & FITNESS CENTER

Since 1994

**રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન છેલ્લા ૨૦ વર્ષથી શારિરીક તથા માનસિક તંદુરસ્તીના ક્ષેત્રે અપ્રતિમ...**

જેમના શરીરના બધા અંગો બરાબર છે. પોતાની મેળે ઉઠી, બેસી અને ચાલી શકે છે. તેઓ પણ માંડ માંડ વજન ઉતારી શકે છે. પરંતુ અમારી પાસે જેમને શારીરિક તકલીફો છે. જેઓ ઊઠી, બેસી કે ચાલી નથી શકતા તેવા લોકો પણ વજન ઉતારી શકે છે.

**નામ નહીં કામ બોલે છે**

**માયા ભવાનજી સતરા**

**ગામ– વડાલા**



પહેલાં પછી



પહેલાં પછી

## ટોટલ વજન ઉતાર્યું - ૨૫ કીલો ★ ટોટલ ઈંચ ઉતાર્યા - ૧૩૦ ઈંચ

માયાબેનને ૧૧ વર્ષની ઉંમરે તાવમાં આખા શરીરે પેરાલીસીસ થઈ ગયું. સારવાર થી બે પગમાં ઘણી રીકવરી આવી અને ડાબો હાથ પણ થોડો ઘણો સારો થયો પણ જમણો હાથ બિલકુલ કામ નથી કરતો. જમીન પર બેસી શકે પણ ઉઠવા માટે કોઇનો સપોર્ટ જોઈએ. વજન વધતું જતું હતું. બ્લડ પ્રેસર પણ વધતા હતા. એ અમારી પાસે પૂછપરછ માટે આવ્યા પણ એમને વિશ્વાસ ન હતો કે તેઓ વજન ઉતારી શકશે. કારણ કે તેમનાથી ખાસ કંઈ યોગા થાય તેમ ન હતું. છતાં એમણે **ફેટ ફ્રી ઝોન** માં પ્રોગ્રામ ચાલુ કર્યો અને એમને એમની સ્થિતિ પ્રમાણેનો નવો કોર્સ ડીઝાઈન કરી ને આપ્યો. પોતાના આત્મવિશ્વાસ, મહેનત અને ફેમીલીના સપોર્ટ થી તેમણે અમારી પાસે ૨૫ કીલો વજન ઉતાર્યું હવે એમના બ્લડ પ્રેસર પણ નોર્મલ રહે છે. એમનું કહેવું છે કે જો તેઓ તેમની શારિરીક તકલીફો હોવા છતાં પણ વજન ઉતારી શકયા છે. તો નોર્મલ શરીરવાળા લોકો ફેટ ફ્રી ઝોનમાં જરૂર વજન ઉતારી શકે છે.

Ph:- 93233 33303, 93218 99909, 24373503

ખાસ નોંધ : અમારા કોઈ આસીસ્ટન્ટ, અમારા દ્વારા તાલીમ લીધેલ કોઈ વ્યક્તિ કે કયાંય બ્રાન્ચ કે ફ્રેન્ચાઈઝી નથી.
મેડીકલ ડૉક્ટરનું માર્ગદર્શન ઉપલબ્ધ. એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી.

**૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે, દાદાસાહેબ ફાલકે રોડ,**
**ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે ભરતક્ષેત્રની ગલી માં, દાદર (ઇ), મુંબઇ –૪૦૦ ૦૧૪**

વેબસાઈટ : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com

## અખિલ ભારત અચલગચ્છ શ્વે. જૈન સંઘના ઉપક્રમે સમૂહ વર્ષીતપના પારણા

ઉપરોક્ત શ્રી સંઘના ઉપક્રમે વિ. સં. ૨૦૭૦ ના વૈશાખ સુદી ૩ - અક્ષય તૃતીયા શુક્રવાર તા. ૨.૫.૨૦૧૪ના રોજ વર્ષીતપના સમૂહ ઈક્ષુરસ પારણાનું સોમૈયા ગ્રાઉન્ડ, ઘાટકોપર મધ્યે આયોજન કરવામાં આવ્યું. છે. પૂ. અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તી પૂ. સાધુ- સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં ચતુર્વિધ સંઘના યોજાતા વર્ષીતપના સમૂહ પારણામાં આરાધકોને પારણા માટે પધારવા આથી હાર્દિક ભાવભર્યું આમંત્રણ છે. સમૂહ પારણામાં નામ નોંધાવવા નિયત ફોર્મ ભરી ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૪ સુધીમાં શ્રી સંઘના કાર્યાલય ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧૧૦/બી, કેશવજી નાયક રોડ, ચીંચબંદર, મુંબઈ - ૯ મધ્યે બપોરના ૧૨ થી ૫ વચ્ચે સંપર્ક સાધવો. ટે. નં. ૨૩૭૨૯૩૦૪. આપની વર્ષીતપની આરાધનાની અમે અનુમોદના કરીએ છીએ. આપ સૌ તપસ્વીઓ શાતામાં હશો.

**લિ. વિનોદ ખીમજી ગંગર, કલ્પેશ માણેકજી મોતા, જુગરાજ હજારીમલજી વાણીગોતા, ભરત નાનાલાલ શાહ - માનદ્ મંત્રીઓ..**

## સગપણ સેતુ

| ક્ર. | માહિતી પત્રક | ૫૬૩ | ૫૬૪ |
|---|---|---|---|
| ૧ | સ્ત્રી કે પુરૂષ | પુરૂષ | પુરૂષ |
| ૨ | નુખ/અટક/ઓળખ | મોમાયા | ધરમશી |
| ૩ | જન્મ તારીખ | ૨૭.૧૦.૮૯ | ૦૭.૦૪.૧૯૮૮ |
| ૪ | વય (વર્ષ) | ૨૫ | ૨૫ |
| ૫ | ઉંચાઈ (સે.મી.) | ૫'-૮'' | ૫'-૭'' |
| ૬ | વજન (કી.ગ્રા.) | ૬૫ | ૬૫ |
| ૭ | વર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ |
| ૮ | શિક્ષણ/અભ્યાસ | B.com (Dip. Tax Mamgt) | BE (E&C) MBA |
| ૯ | નોકરી/ધંધો | નોકરી | નોકરી |
| ૧૦ | હાલ વસવાટનું ગામ | ડોંબિવલી | બેંગલોર |
| ૧૧ | પાત્રના શોખ | પ્રવાસ | પ્રવાસ વાંચન |
| ૧૨ | ખોડખાંપણ | નથી | નથી |
| ૧૩ | માસિક આવક (રૂા.) | ૧૫૦૦૦ | ૬૦૦૦૦ |
| ૧૪ | અવર/વિ/છુટાછેડા | અવર | અવર |
| ૧૫ | કુંડલીમાં માનો છો ? | ના | હા |
| ૧૬ | મંગળ/શનિ છે ? | ના | હા |
| ૧૭ | ફોટો મળશે ? | હા | હા |
| ૧૮ | સામેના પાત્રનું અપેક્ષિત શિક્ષણ | સુશિક્ષિત | ગ્રેજ્યુએટ |
| ૧૯ | તમારી પાત્ર અંગે વિશેષ પસંદગી/અપેક્ષા | સુશીલ-સંસ્કારી મિલનસાર | સુશીલ-સંસ્કારી |
| ૨૦ | ઉમેદવારની ખાસ વિશેષ માહિતી | મિલનસાર | મિલનસાર નાનુ કુંટુબ |
| ૨૧ | સીધો સંપર્ક ઇચ્છતા હો તો ફોન નં.(સ્વૈચ્છિક) | 8082789021 9819991803 | 9901179680 9880104122 |

### જય શ્રી અંબે માતાજી

**કચ્છ નલિયા ગામનાં મોતા ફરીયામાં બિરાજમાન ધરમશી ગોત્રનાં કુળદેવી શ્રી અંબેમાંને નમતા નલિયા, સાંયરા જખૌ તથા છાદુરાનાં ગામનાં ભાવિકો જોગ.**

**ભાવભર્યું નિમત્રંણ**

*કંકું છાંટી આમંત્રણ મોકલ્યું*
*ચોખા છાંટી આમંત્રણ મોકલ્યું*
*આવજો ... આવજો રે...*
*વહેલા રે છોડી સર્વે કામકાજ રે...*

આનંદ પ્રસંગ પહેડી તથા ખેતરપાર દાદાનાં ભુવાશ્રીની ગંધી (ધોત) બદલવવાનો ચૈત્ર શૂદ તેરસને રવિવાર તા. ૧૩.૪.૧૪ના નલિયા મધે રાખવામાં આવેલ છે.

આ શુભ અવસારે સર્વ ધારમશી પરિવારના ભાવિકો તથા નિયાણી દીકરીઓને સહ પરિવાર સાથે પધારવા ભાવભર્યું આમંત્રણ.

**નોંધ : આપશ્રી કુંટુંબનાં કેટલા જણ પધારવાના છો તેની જાણ અગાઊથી કરશો જેથી વ્યવસ્થા સાચવવામાં સુગમતા રહે**

**લિ. અંબેમાં ધરમશી પરિવારના**
**જય અંબે**

**શ્રી. લલીત એન. ધરમશી :**
9322231116
**શ્રી ધર્મેશ જે. ધરમશી :**
9322277230
**શ્રી દિપેશ એલ. શાહ :**
9323003032



**મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત**
**કવિ ''તેજ'' ની અમૃતવાણી... (૪૭)**

**- સોમ ધરમશી (કચ્છ)-09726776627**

**"સંસારજે રથમેં મનોરથ મિડે મેંમાણ,**
**વેંધલ મિંજ વિઠા રેઆ, સાથી કેં પરિયાણ"**

**શબ્દાર્થ :** પરિયાણ = પ્રયાણ કરવું તે

**ભાવાર્થ :** આપણાં કવિ શ્રી તેજ, જીવનનાં સંધ્યાકાળે (૭૭ વર્ષની ઉમ્મરે) કચ્છ ગાંધીધામ પાસે આદિપુર અને અંતરજાળ મુકામે આનંદ સભર કાવ્યરચનાની પ્રવૃત્તિ કરતાં કરતાં મા સરસ્વતીની સાધનામાં લીન છે. તેમની અવિરત ચાલતી કલમમાંથી રચનાઓનો ધોધ વહે છે જેનો આસ્વાદ તેમનાં પ્રગટ થનાર આગામી ૩૩માં પુસ્તક **"આખાડો"** માં મળી રહેશે.

થોડો દિવસ પૂર્વ ભુજમાં તેમના સન્માન કાર્યક્રમમાં તેમને મળ્યો ત્યારે થોડાક થાકેલા પણ આત્મવિશ્વાસથી તેઓ છલકતા દેખાયા.... વહી ગયેલા જીવનને યાદ કરતાં કરતાં, તેમણે ઉપરની પંક્તિ અતીતનાં ઓવારેથી ખંખોળીને કહી અને સંસ્મરણોની વણઝારમાં સરી ગયા.

આ પક્તિ વિશે વિસ્તારથી વધુ વાત લખતાં પહેલાં તેમનાં વીતેલા સાહિત્યિક જીવનની વાતો વાગોડતાં, ગુજરાતી સાહિત્યના મશહુર શાયર જનાબ શુન્ય પાલન પુરીનો અપ્રાતિમ શેર માનસપટ પર યાદ આવી ગયો.

**"જિંદગીની સમી સાંજે ડાયરીનાં**
**પાના જોવા'તા,**
**બહુ ઓછા પાનાં જોઈ શકયો,**
**બહુ અંગત અંગત નામ હતા"...**

જિંદગી કેટલી ક્ષણ ભંગુર છે અને અચાનજ મનનાં મનોરથો, માયાઓ કેવી વેરવિખેર થઈ જાય છે તેની સાદી સમજ કવિ તેજ પોતાના અનુભવે આપણને આપે છે. ઉપરની રચના તેમના પ્રિય પત્ની સ્વ. જયાબેનનું લગભગ ૩૩ થી ૩૪ વર્ષ પહેલાં અચાનક અવસાન થયું ત્યારે રચાઈ અને તેમના પુસ્તક **"વિલાપજી વાણી"**માં સ્થાન પામી.

જિંદગીની સફરમાં સહપ્રવાસીઓ સાથે આપણે કેટકેટલા મનસુબા, મનોરથો ઘડતાં હોઈએ છીએ પણ એ બધા મહેમાનો જેવા હોય છે. અને કાયમી હોતા નથી કે ટકતા નથી. જીવનમાં ઘણીવાર એવું બને છે કે પીળું પાન ખરું ખરું કરતું હોય છે અને મોત અચાનક વ્હાલસોઈ યુવાનીનાં થનગનાટથી થરકતી વ્યક્તિને પ્રયાણ કરાવી દે છે. ત્યારે ઈચ્છાઓ મનોરથો ચકનાચુર થઈ જાય છે અને એ વ્યક્તિની વિદાય જીવનમાં અસહ્ય ખાલીપો સજી દે છે (છેલ્લા બે ત્રણ વર્ષમાજ કચ્છમાં પાકટ ઉમ્મરનાં વડીલો બેઠા હતા અને યુવા પુત્રોએ અચાનક વિદાય લીધી ત્યારે ઉપરોક્ત પંક્તિની સાર્થકતા સમજાઈ)

કવિ જીવનની ક્ષણ ભંગુરતા સમજી પ્રિય પત્નીની વસમી વિદાય પછી. મનોરથોને ચકનાચુર કરી પોતાનાં છૈયા છોરૂને ઓરમાન માના હવાલે સોંપવાના બદલે તેમની મા બનીને સ્વ. જયાબેનની મીઠી યાદોની જ્યોતને જ્વલંત રાખી આજે આધ્યત્મની શોધમાં પ્રવૃત્ત છે ત્યારે શાયર જલન માતરીનો શેર અશ્રુરૂપી શ્રધ્ધાંજલિથી સરી પડે છે.

**"પુરી શકયું ના કોઈપણ તારા ગયા પછી**
**મુજને જે ખોટ તારા વગર ઉમ્રભર પડી"**




**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**
**જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.**
**Mob. : 7666688881**

**ગુરૂવાર બંધ**

## પ્રસન્ન દામ્પત્યથી મઘમઘતું વૃદ્ધત્વ

**વનિતા**



**વિશ્વ**

'મમ્મી.... એક વાત પૂછું?' મારા અસીમન્સી વહુ ઈશિતાએ મને એક દિવસ પૂછયું....

'પૂછને બેટા! એમાં વિચાર શું કરવાનો?'

'મમ્મી મને નવાઈ લાગે છે, તમે અને પપ્પાજી બંને આટલાં વર્ષોથી સાથે કેવી રીતે જીવી રહ્યાં છો?'

'કેમ બેટા! આવું પૂછે છે?' મારાથી હસી પડાયું.

'એમ નહીં..... પણ હું પરણીને આ ઘરમાં આવી છું ત્યારથી જોતી આવી છું કે તમો અને પપ્પાજી બંનેના સ્વભાવ, ગમાઅણગમા, ઘણું બધું એટલું બધું જુદું છે, પપ્પાજી બિલકુલ મોળું ખાય, મરચાંની ચમચી ય ન અડકે ત્યારે તમે! તીખું ન હોય તો ખાવ જ નહીં. સવારથી ઊઠો ત્યારથી તમે કામકાજની સતત ધમાલ કરતાં હો, ઘડીય પગ વાળીને બેસો નહીં. ત્યારે પપ્પા! બહુ જરૂરી હોય ત્યારે જ પ્રવૃત્તિ કરે. તમને બૂધું જ સમયસર થાય તેવું જોઈએ. બધું જ વ્યવસ્થિત અને અમુક રીતે જ થાય તેવો તમારો હંમેશા હઠાગ્રહ હોય છે ત્યારે પપ્પાજી! તેનાથી તદ્દન જુદું જ વિચારે. હોય, ચાલ્યા કરે એ તો. થાય એટલું ખરું, પછી આપણે શું કરીએ! હું તમને સતત અજંપામાં જીવતાં જોઉં છું ને પપ્પાને સતત શાંતિમાં જીવતા જોઉં છું ને ત્યારે મને ક્યારેક થઈ જાય છે કે આટલાં વર્ષો તમે બંને સાથે કેવી રીતે જીવી શક્યાં છો! હું અને અસીમ તો નાની નાની વાતોમાં પણ સહેજવારમાં તડફડ કરી બેસીએ છીએ. જ્યારે તમે! તમને અને પપ્પાજીને મેં સામસામાં ક્યારેય અકળાતાં જોયાં નથી. મેં તો એક વાર અસીમને પણ કહ્યું.... આપણે બંનેએ પપ્પાજી અને મમ્મીની જેમ સંપીને રહેતાં શીખવું જોઈએ.'

એ સાંભળી સુમિબહેન ખડખડાટ હસી પડ્યાં. 'બેટા! એટલે તારે અમારા આટલાં વર્ષોના પ્રસન્ન દાંપત્યનું રહસ્ય જાણવું છે ને ! તને હું એક જ વાકયમાં કહું તો સાધના વિના સિદ્ધિ મળતી નથી.'

'પરણીને આ ઘરમાં પગ મુક્યો એ પછીથી મારા મનમાં એક જ મહત્વાકાંક્ષા હતી. મારે આ ઘરની સાક્ષાત લક્ષ્મી બનવું છે. લક્ષ્મી એટલે સુખ શાંતિ અને સમૃદ્ધિની દેવી. તને ખબર છે ઈશિતા! વહુને ઘરની લક્ષ્મી કેમ કહે છે? આખાય કુટુંબને સુખી ફક્ત સ્ત્રી જ કરી શકે. ઘરનાં સૌ કોઈનો વિચાર કરી, બધાંની જ સગવડ - અગવડનો વિચાર કરીને વહેલી સવારથી માંડી સતત મથામણ કરતી ઘરની વહુ એ સાચે જ ઘરની લક્ષ્મી નહીં તો બીજું શું? હું પરણીને આવી એ દિવસથી જ આ ભેખ લઈને આવી છૂં. મારે સાચા અર્થમાં લક્ષ્મી, આ કુળની કુળવધૂ બનવું હતું અને એટલે અડગ શ્રદ્ધાથી હું સતત ગૃહિણી, પત્ની અને પછી બાળકો થતાં માતાની ભૂમિકામાં તન્મય થતી જ રહી, થતી જ રહી. મનમાં આ પ્રબળ ઈચ્છા હતી એટલે ક્યારેય મને મારી એ ફરજો બજાવવાનો ભાર લાગતો ન હતો. બાકી અમારું તો વસ્તારીનું ઘર ચાલતું હતું. એક સાથે ઘણા બધા લોકોનાં મન સાચવવાં એ કંઈ સહેલી વાત ન હતી. તું જ વિચાર કર બેટા! અત્યારે તું એકલા અસીમની તક અને સગવડ સાચવતાં પણ ક્યારેક મૂંઝાઈ જાય છે તો અમે સાસુ, સસરા, દિયર, જેઠ, નણંદો, વડીલો બધાંના મન અને બધાની તકો કેવી રીતે સાચવ્યાં હશે! એની પાછળ કેવું વિશાળ દિલ, કેવું ઉદાર મન, જોઈએ! કેટકેટલું જતું કરવું પડયું હશે! લોકોનાં દિલ કંઈ એમ ને એમ નથી જીતી શકાતાં. ઘણી બધી સહનશક્તિ કેળવવી પડે છે બેટા! લગ્નજીવન એ વ્યક્તિના વિકાસનું અવરોધક નહીં


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

• સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ડ સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676

પણ ઊર્ધ્વગમન કરે તેવું હોવું જોઈએ. તને ખબર છે?

'તને અત્યારે અસીમ સાચવે છે, વારંવાર ડિયર, ડાર્લિંગ કહે છે, તેવું વ્હાલ એમણે મને ક્યારેક નથી કર્યું. અમારા જમાનામાં તો વડીલોની આમન્યા એટલી રાખવાની હતી કે એ બધું શક્ય જ ન હતું અને છતાંય એમના પ્રેમની મને જે હૂંફ મળતી હતી. જે સુરક્ષિતતાનો અનુભવ થતો હતો એ જ મારે માટે તો જીવન જીવવા માટેનું પ્રેરકબળ હતું.'

'અમે બંને સમજીએ છીએ કે જેમ જેમ વર્ષો આગળ વધતાં જાય છે તેમ તેમ અમારે એકલતા જીરવવા માટે માનસિક રીતે પણ સુસજ્જ થવાની ખાસ જરૂર છે. છતાંય વિચાર માત્ર જ ધ્રુજાવી મુકે છે. આટલાં વર્ષો એકબીજાની સાથે જીવ્યા પછી એ સ્થિતીની કલ્પના જ અશક્ય લાગે છે ઈશિતા! અને છતાંય જે વાસ્તવિકતા હશે એને સ્વીકારવી પણ પડશે. પણ મને ઈશ્વરમાં શ્રદ્ધા છે બેટા! કે એ જે પરિસ્થિતી ઊભી કરે છે તેમાં જીવવાની શક્તિ પણ આપે છે. જેમ જેમ જીવનનો અંત નજીક આવતો જાય છે તેમ તેમ મને અને તારા પપ્પાજીને એમ જ થયા કરે છે કે આપણા જીવનની આ ધન્ય પળોની એક ક્ષણ પણ વેડફી ન દઈએ અને એટલે જ અમારું જીવન આવું જીવંત રહી શક્યું છે ઈશિતા! અમારી જીવનસંધ્યાને અમારે પ્રસન્ન દાંપત્યનાં રંગોથી સુરમ્ય બનાવવી છે બેટા!'

**- ડૉ. ઉર્મિલા શાહ**

***જીવન સંધ્યાના તિમિર અને તેજ*** *માંથી સાભાર*

## જલગાંવ - બોર્ડીંગ

શ્રી કાનજી શીવજી ઓશવાલ જૈન વોર્ડીંગ હાઉસ (ગુરૂકુળ) છેલ્લા ૯૨ વર્ષથી જલગાંવમાં કાર્યરત છે. હાલે ૧૫ / ૧૬ કોલેજો ત્યાં છે. ત્યાં દાખલ થવા કાર્યકરણી મેમ્બર શ્રી રાઘવજી લાલજી સતરા (ગુંદાલા) નો 9673364290 /0257 - 222 1245 ઉપર સંપર્ક કરી શકાય છે.


।। આદીનાથાય નમ: ।।



# શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન

કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫. ● ફોન: ૦૨૮૩૧-૨૮૨૩૧૮



## સાંયરા નગરે ૧૩૬મી ધ્વજારોહણ પ્રસંગે હાર્દિક આમંત્રણ

**જીવનમાં પામવા જેવું ઘણું હોય છે... અને ઘણાં પામે પણ છે. મેળવવા જેવું ઘણુંય હોય છે... અને ઘણાંને મળે પણ છે. પરંતુ, ઉત્તમોત્તમ લાભ કોક વીરલા ભાગ્યશાળી આત્મા જ પામે છે. સાંયરાની ધર્મની ધ્વજા-પતાકા લહેરાવશે જે પરિવાર.. ધન્ય ધન્ય અવતાર તેહનો, અનુમોદના વારંવાર...**

સ્નેહી સ્વજન,

ઊંચા ઊંચા આભમાં લહેરાતી શ્રી આદિનાથ જિનેશ્વર પરમાત્માની ધ્વજા જય-વિજય-યશ-કિર્તી-આનંદ-મંગલ-કલ્યાણના વિશિષ્ટ પ્રભાવની સાક્ષી પુરે છે. પ્રથમ તિર્થંકર શ્રી આદિનાથ દાદાના તિર્થસ્વરૂપ જિનાલયની ૧૩૬ મી વર્ષગાંઠ પ્રસંગે તા. ૨-૩-૨૦૧૪ થી તા. ૪-૩-૨૦૧૪ **ત્રિહાનિકા મહોત્સવ** આપણાં માદરે વતન સાંયરા ગામે ઠંડકભર્યા ખુશનુમાં વાતાવરણમાં સૌ ગામવાસીઓ અને નિયાણી બહેનો સહિત સહ પરિવાર પધારવા **ભાવભર્યું આમંત્રણ છે.** અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** ના શુભઆશિષ તથા સાહિત્ય દિવાકર **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** ના અમી આશિષ, **સાંયરા ગામના પ.પૂ. સાધ્વી ભગવંતોના** શુભ આશિષ, સરળ સ્વભાવી, નવકાર મંત્રના આરાધક, તપસ્વીરત્ન **પ.પૂ. મુનીરાજ શ્રી કંચનસાગરજી મ.સા.**ની પાવન નિશ્રામાં **ત્રિહાનિકા મહોત્સવની** ભવ્ય ઉજવણી થશે. આ ધ્વજા મહોત્સવમાં આનંદ-ઉમંગ-ઉલ્હાસથી ભાગ લેવા દરેક કુટુંબમાંથી એક વ્યક્તિની હાજરી અનિવાર્ય છે. આ **ધ્વજા મહોત્સવ ફંડમાં** રૂા. ૧,૦૦૦/- લેખે ભાગ્યશાળી દાતા બનવા સૌ ગામવાસી અને નિયાણી બહેનોને અમૂલ્ય લાભ લેવા નમ્ર વિનંતી છે.

### કાર્યક્રમની રૂપરેખા

**તા. ૦૨-૦૩-૨૦૧૪, રવિવાર : બપોરના ૩.૦૦ કલાકે શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા, રાત્રે ૮.૦૦ ક. મહાકાળીની ભાવના**

**તા. ૦૩-૦૩-૨૦૧૪, સોમવાર : બપોરના ૧૨.૩૯ કલાકે ૧૮ અભિષેક અનુષ્ઠાન, રાત્રે દાંડિયા રાસની રમઝટ**

**તા. ૦૪-૦૩-૨૦૧૪, મંગળવાર : સવારના ૮.૦૦ કલાકે સત્તરભેદી પુજા, બપોરના ૧૨.૩૯ કલાકે વિજય મુહુર્તે ધ્વજારોહણ.**

**આ પ્રસંગે વિધિકાર-સંગીતકાર શ્રી કિશોર સાંગાર ગુણપુરીવાલા વિધિવિધાન સહિત સંગીતની રમઝટ બોલાવશે.**

સાંયરા તીર્થની ૧૩૬મી ધ્વજા રોહણના ત્રિહાનીકા મહોત્સવના સાધર્મિક ભક્તિના સંપૂર્ણ ત્રણ દિવસના ભાગ્યશાળી દાતા શેઠશ્રી રતનશી કુંવરજી લોડાયા હ: માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા અને સુપુત્રો સાંયરા હાલ ડોંબીવલી એ લાખેણોં લાભ સહર્ષ લીધો છે.

**નિમંત્રક : શ્રી ક.દ.ઓ. જૈન સાંયરા મહાજન વતી ધ્વજા મહોત્સવ સમિતીના જય જિનેન્દ્ર !**




## ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘનો કાર્યક્રમ

વિદ્યાર્થી સંઘના ૬૦મા સ્નેહ મિલને જ્ઞાતિના પાંચ વરસથી ૫૪ વરસના અસંખ્ય કલાકારો સાંસ્કૃતિક મનોરંજન કાર્યક્રમે પ્રેક્ષકોને સતત ત્રણ કલાક ખુરશીમાં જકડી મૌલિક કલ્પનાનાં માહોલને મદહોસ કર્યો.

વરસો અગાઉ શ્રી નેણશીં દેવશી ખોના શ્રીમતી હિરાબેન ખોના, અનંત નિવાસના કિશોર દાંડીયા રાસ મંડળ અને આઝાદ કચ્છ મંડળ જેવા સંખ્યાબંધ કલાકારો સ્વ. સુઝ - બુઝ અને હૈયા ઉકલતથી નાટક રાસ - ગરબા મટુકડી જેવા મનભાવન કાર્યક્રમો રજુ કરી નાત સંસ્કારના કલા વારસાને ચેતનવંતુ રાખતા. સમય અને સંજોગોએ એમાં ઓટ આવતાં બહારના કલાકારો દ્વારા મનોરંજન પીરસાતું.

હવે હર ગામ અને નૂખના સ્નેહ મિલનો પહેડી અને પર્વ પર્યુષણે સંસ્કારોને સંસ્કારવા ગામે - ગામના કલાકારોનો કલ્પી ન શકાય તેવો ફાલ તૈયાર થયો છે. ટી.વી. ના માધ્યમે એવી સંસ્કૃત આઈટમો શિક્ષિત યુવા વર્ગે સહજ હાંસલ કરી ચે! બુગી - વુગી કે ટેલન્ટ ઈન્ડીયા જેવા કાર્યક્રમો સાથે હરીફાઈમાં ઉતરી શકે તેવા સોલો ડાન્સ, ફોક ડાન્સ, ગણપતી વંદન, ગીટાર અને તબલા વાદન, બેટી બચાવો, પર્યાવરણ બચાવો, સીડીના ગીતે નૃત્ય, એન્કરીંગ ફ્રેન્સી ડ્રેસ, નવરંગી સાડી એમ ૫૧-૫૧ થીમ યુક્ત કાર્યક્રમો સમયના વેડફાટ કર્યા વગર લય તાલ રીધમ. લટકો અને જરા પણ ક્ષોકે સંકોચ વગર કલાકારોએ એવી કરામતના કસબીઓએ કસબ દાખવ્યો કે એ દર થીમમાંથી કૃષ્ણની બંસી વાગી, મીરાંના ઝાંઝર રણક્યાં, નરશી મહેતાના તંબુરાના તાર વાગ્યા, અને શારદાનું મંદિર રચાયું.... આનંદનો રસોત્સવ છલકાયો..... લય અને તાલના મસ્તીભર્યા કેફે સૌની આકર્ષક વેશભુષાએ કલાના કામણ મંડાયા.

ભરચક હાજરી આકર્ષક સોવેનીયર, મનભાવન - શિસ્ત કચ્છી ભાષામાં ઉદબોધન અને વિવિધ નૃત્યના આકાશી ઉડાનો

## શ્રી લાપસિયા બંધુ મંડળ - હાલાર

### સમુહ છેડાછેડી તથા ધૌત - સહર્ષ આમંત્રણમ્

અનેક વખતથી જેની કાગડોળે પ્રતિક્ષા કરી રહ્યા હતા તે શુભ અવસર નિકટ આવી રહ્યો છે. અંતરના બારણે ઢોલ - શરણાઈઓના સુરસંગીત રેલાઈ રહ્યા છે. આ મહોત્સવને માણવાને મન થનગની રહ્યુ છે. ત્યારે ચાલો સૌ આપણે આ શુભ ઘડીને વાજતે ગાજતે વધાવીએ.

છેડાછેડી છોડાવવા તથા ધોતનો મહોત્સવ તથા દલતુંગી સ્થાનકે મોમાઈમાંના મંદિરનો જીર્ણોદ્ધાર તથા રંગપુર ગામે સુરાપુરા દાદાના મંદીરના જીર્ણોદ્ધાર બાદ નુતનીકરણની ધજાનો ચડાવવાનો લાભ લેવા આ અણમોલ અવસરે સર્વે ભાવિકો - નિયાણી બહેનો તથા આમંત્રિત મહેમાનોને સહકુટુંબ સહર્ષ આમંત્રણ.

**શુભ દિવસ :**

**ચૈત્ર સુદ ૧૩ ને રવિવાર તા. ૧૩.૪.૨૦૧૪ મોમાઈમાં ધામ - દલતુંગી - સ્થાનિકે**

**નોંધ :** ૧. આવવા - જવાની ટ્રેનની વ્યવસ્થા પોતાની રીતે કરવાની રહેશે. ૨. દેશમાં જવાની ટીકીટ તારીખ - ૧૧.૪.૧૪ના સૌરાષ્ટ્ર જનતામાં કઢાવવી. ૩. મંડળ તરફથી મહેમાનોને તારીખ ૧૨ થી ૧૪ના બપોરે સુધીજ સગવડ આપવામાં આવશે. ૪. છેડાછેડી ના ૧૦ નામ આવી ગયા છે. જે ભાવિકોની બાકી હોય ને છેડા છેડી છોડાવવની ઈચ્છા હોય તો કાર્યકર્તા ભાઈ શ્રી અલ્પેશ દિનેશ લાપશીયા 9819009493 નો સંપર્ક કરવા વિનંતી.

*લિ. શ્રી લાપસીયા બંધુ મંડળ*

## FOOD HABBITS OF OURS (K.D.O) *Tilakchand Lodya (Chenai)*

Working in Indian Revenue Service (Income Tax Department) gave me an excellent opportunity to visit, stay, mingle and observe food habits and living styles of cross sections of Indians, i.e., from Mizoram to Mumbai and Kashmir to Kanyakumari. I don't intend to analyse them and venture as to which is better. As a matter of fact it is rather not possible. Hence, I want to draw attention to only one aspect of it, i.e., the time spent by ladies in the kitchen and related areas of work.

Most of the Tamil ladies spend negligible time in the kitchens. Rice is their staple food. Nutritious Sambhar, Rasam, etc. are prepared and used through out the day or two. Idly, Dosai batter (Aatho) is grinded and kept in ready to use condition in a fridge for few days. The Bengalies, Odiya and north east states families take Milk or tea, Toast, cornflakes, omelette and fruits in the breakfast, rice etc. items in the lunch. Dinner is Roti, Dal, Sabji, rice, curd etc. Maharastrian, Kannada and Andhra families mainly jowar or other millet items, rice, amti, Misad curds and few already prepared items. And so on............

Compared to this ladies from Gujarat, Rajasthan and Kutch have elaborate menus from preparing variety of fresh pickles to Papads, numerous salads to sweets, chapaties to chutneys, Khakhadas to Fafdas, Undhiya to Muthiya, farsaan to Mukhvaas, most of which need live cooking to be served hot. Elaborately cooking or preparing all of them for either breakfast, lunch or post lunch or dinner or after dinner need lot of time before cooking, during cooking and post cooking. What to prepare, getting right materials and vegetables, preparing same items, e.g., tea, with different tastes, with or without sugar, with masala or without and so on for different members of the family or different types of sabjies etc. take further time and energy. Serving food to different persons at different time intervals is another exercise for the ladies. Thus, it may be said that with few exceptions most of KDO ladies spend major amount of their time during the day in or around kitchen and dining table. Further in few cases the lunch and dinner hours are uncertain. Lunch hour could be between 1-30 to 5-00 and so also the dinner timing. Ladies have to wait indefinitely. Few of the working ladies and their families have changed this style for good. Further, this





અસલ કલા-કસબનો સમન્વય

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો

પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો,

શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,

મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786

style changes depending on the location, i.e., in Mumbai or in other Towns and Cities of India (Deshawar).

With ready foods coming in vogue, on an average in many of the Communities ladies spend a maximum of about 1 ½ to 2 hours in Kitchen. Whereas KDO ladies, especially in countryside, spend 4 to 5 hours. Other things are extra. In a way their life centres around kitchen and food. With a moderate change in food style dependence on Maid Servant, whose importance ladies only know better, can be reduced.

At present, many of the Homemakers are well educated and their talents can and should be better utilized in other productive fields or purposes. There is no correlation between time spent in the kitchen and nutrition. Again rich and spicy food is not a sure way to a good health. It may be otherwise. Irregular food intake creates many health problems.

For this change, KDO men have to play a major role because the ultimate aim of a home maker is to keep her man happy. When husbands are away the same ladies prepare and eat frugal food on time. Hence, KDO Men may have to change their timings, if possible and make them regular. Number and variety of food dishes have to be suitably reduced. They may have to give reasonable rest to their taste buds. Live and very hot food may not be insisted. These small changes will go a long way in making the lives of our better halves happier and healthier. They will also be cost effective. The time saved can be fruitfully utilised for either child care and growth or in pursuing other hobbies, including religious or in some income earning activity to improve the family finances or in deriving satisfaction by usage of talents. Happy wife; Happy Life.

Can we KDO men show this small courtesy to our ladies?


શ્રી અજીતનાથ દાદાય નમઃ

## દલતુંગી સ્નેહ મિલન : હાર્દિક આમંત્રણ

દલતુંગીના સર્વ ક.દ.ઓ. જૈન જ્ઞાતિના ગામવાસીઓનું સ્નેહ મિલન રવિવાર તા. ૨૩.૦૩.૨૦૧૪ ના બપોરના સમય ૨.૦૦ થી ૮.૦૦ દરમ્યાન અનંત સિદ્ધિ ભાંડુપ (વેસ્ટ) મુકામે આયોજીત કરેલ છે.

આ પ્રસંગે આપ સૌને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે. આ જાહેર નિમંત્રણ ને રૂબરૂ આમંત્રણ સમજીને જરૂરથી પધારશો.

ગામવાસીઓના વર્ષ દરમ્યાન અઠાઈ તપ અને એનાથી વધુ મોટી તપસ્યા તથા શિક્ષણમાં ધોરણ વર્ષ ૨૦૧૨-૧૩માં Jr. KG થી ધો ૧૨ સુધીના ૬૦ ટક્કા થી વધુ માર્ક મેળવનાર વિદ્યાર્થીઓ ટકાવારી સાથે રિઝલ્ટ તા. ૦૫-૦૩-૨૦૧૪ સુધી નોંધાવવા વિનંતી.

આ પ્રસંગે તપસ્વી બહુમાન, સરસ્વતી બહુમાનનો લાભ લઈ શકાશે.

આપના સહકારની આપેક્ષા સહ....

આયોજક : શ્રી દલતુંગી મિત્ર મંડળ - મુંબઈ

બિપિન શામજી શિયાડઃ 9371484740 ગુલાબ લખમશી લાપસિયાઃ 8976677721

મનિષ ઉતમચંદ માલદેઃ 9619187242 પ્રવિણ રાયચંદ લોડાયાઃ 9833819689

કિરીટ કાંતીલાલ લોડાયાઃ 9920412971 કિરણ શાંતિલાલ માલદેઃ 9320559590

વિદ્યાર્થીસંઘની ષષ્ટીપૂર્તિની સફર, ગીતોના ગુંજને સાકાર લાગી.

વિદ્યાર્થી સંઘ સંસ્થાના ભાવિના સોનેરી સપનાના શીલ્પકાર વયોવૃદ્ધ શિક્ષણ પ્રેમી શ્રી શીવજી કુંવરજી વિકમસીના ચૈતન્યશીલ હાજરી એ કાર્યક્રમને ગરિમા બક્ષી!

સફળતાના શ્રેયના તાજ માટે વિદ્યાર્થિ સંઘના પ્રમુખ શ્રી અનુજ લોડાયા, સર્વપદાધિકારીઓ, પ્રેક્ષકો અને સહાયકર્તા, સૌ દાતાઓને સલામી આમ હો.

જો સફર કી શરૂઆત કરતે હૈં, વોહી મંઝીલ કો પાર કર સકતે હૈં, બસ એકબાર ચલનેકા ઈરાદા રખીયે.... આપ જૈસે કલાકારો કા તો જી.ટી.વી. કોભી ઈન્તેજાર હોતા હૈ.

- ***લહેરચંદ વેલજી મૈશેરી*** ભાંડુપ
૨૦.૦૧.૧૪

## પ્રશંસનીય અભિગમ

ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષાના તંત્રી મંડળે પ્રશંસનીય અભિગમ આપનાવ્યો છે. વિવિધ સ્તરે પ્રસિદ્ધ થતી માહિતી વાચકોના લાભાર્થે દરેક અંકમાં પીરસવાની શુભ શરૂઆત કરી છે.

હાલમાં ડો. રશ્મિભાઈ ઝવેરી કૃત વિષચક્ર કટકે કટકે પાંચ હપ્તામાં અપાઈ. જે અતિ રસદાયી રહી. વાચકોના હિત ખાતર સંપાદન કરવાની પ્રવૃત્તિ આદરવા બદલ અભિનંદન.

મુરબ્બી શ્રી રતીલાલ વાલજીભાઈ ખોનાના આધુનિક ક.દ.ઓ. અંગ્રેજી માધ્યમ શાળા અંગેના લેખમાં પાસદી ઉપરાંતના કાળથી ધરાશાયી થયેલ શાળા હસ્તકના ટોકરશી શામજી માળાનો અંગુલી નિર્દેશ કરવામાં આવ્યો છે તે વેળાસરની તાકીદ છે. લેખક મુરબ્બીનો આભાર.

જ્ઞાતિ આગેવાનોએ આ પેચીદો પ્રશ્ન હાથ ધરી તેનું નિરાકરણ લાવવું જોઈએ.

- ***કાંતિલાલ કેશવજી મોતા***
મુલુંડ ૧૬.૦૧.૧૪

શ્રી સચ્ચાઈ માતાયે નમઃ

## શ્રી સમસ્ત ક.દ.ઓ. લોડાયા પરિવારનાં કુલદેવી શ્રી સચ્ચાઈમાં પ્રથમ સમુહ પહેડી
## શનિવાર તા. ૧૯.૦૪.૨૦૧૪
## ધી ગ્રાન્ડ નાલંદા હોલ, ચેમ્બુર

### આયોજક સમિતી

પ્રમુખ : શ્રી પ્રવિણ હંશરાજ લોડાયા (આરીખાણા - મુલુંડ)

ઉપપ્રમુખ : શ્રી ગોવિંદજી લાલજી પટેલ (સાંધવ-મુલુંડ)

શ્રી વિરચંદ નરશી લોડાયા (રાપર - મુલુંડ)

માનદમંત્રી : શ્રી વિપુલ ઠાકરશી પટેલ - સાંધવ - મુલુંડ

શ્રી વિરેન્દ્ર ભવાનજી લોડાયા (નલિયા - ડોંબિવલી)

ખજાનચી : શ્રી શરદ સોમચંદ લોડાયા (સાંધવ - ડોંબિવલી)

શ્રી સંદિપ નવિનચંદ્ર લોડાયા (સાંધવ - મુલુંડ)

### કારોબારી સભ્ય

૧. શ્રી પુનશી લઘુભાઈ લોડાયા (રાપર ઘાટકોપર)
૨. શ્રી રમેશ મુરજી લોડાયા (ભરૂડિયા - મુલુંડ)
૩. શ્રી નિપેશ હિરાચંદ લોડાયા (બાંઢીયા - ઐરોલી)
૪. શ્રી પ્રકાશ માણેકજી લોડાયા (સાંધવ - થાણા)
૫. શ્રી મયુર ખીમજી લોડાયા -પીર (સુથરી - ભાંડુપ)
૬. શ્રી મુકેશ ભવાનજી લોડાયા (મોટી સિંધોડી - ડોંબિવલી)
૭. શ્રી અરવિંદ રાયચંદ લોડાયા (દલતુંગી - ડોંબિવલી)
૮. શ્રી મેહુલ તિલકચંદ લોડાયા (બારોઈ-મુલુંડ)
૯. શ્રી જીવરાજ ગોવિંદજી લોડાયા (મોટી - ખાવડી થાણા)
૧૦. શ્રી મણીલાલ રાયચંદ લોડાયા (કોઠારા - વાશી)
૧૧. શ્રી વિરચંદ હીરજી લોડાયા (સુથરી-ડોંબિવલી)
૧૨. શ્રી પદમ લાલજી લોડાયા (વરાડીયા - ડોંબિવલી)
૧૩. શ્રી જતીન વિરેન્દ્ર લોડાયા (બાંઢીયા - અમદાવાદ)
૧૪. શ્રી હરીશ ઝવેરચંદ લોડાયા (સાંયરા - રાયપુર)
૧૫. શ્રી દિનેશ હેમરાજ લોડાયા (સુથરી મલકાપુર)
૧૬. શ્રી હિરેન શામજી લોડાયા (જખૌ- અમદાવાદ)
૧૭. શ્રી અરવિંદ લાલજી લોડાયા (વારાપધર - ગાંધીધામ)
૧૮. શ્રી વિજય વાલજી લોડાયા (સાંયરા - મુલુંડ)
૧૯. શ્રી ચેતન નલીનકાન્ત લોડાયા-પીર (સુથરી - ડોંબિવલી)
૨૦. શ્રી વિજય મોતિલાલ લોડાયા (મોટીખાવડી - ઘાટકોપર)

## શબ્દાનંદ



### આડી ચાવી

૧. પોતાની છેલ્લી ઈનિંગ્સમાં ગોલ્ડન ડક કરનાર ભારતીય ક્રિકેટર (૬)
૫. એક જંગલી પ્રાણી (૩)
૭. એક તેજાનો (૨)
૮. અચરજ, નવીનતા (૩)
૧૦. રહેઠાણ, મહાન (૩)
૧૨. ફેલાવું (૪)
૧૪. એક જાતની ઘોડાગાડી (૨)
૧૫. મૂર્ખ, અણસમજુ (૩)
૧૮. તલસવું તે (૪)
૧૯. રંગની તીણી રેખા (૩)
૨૧. સમ, કસમ (૩)
૨૩. ચણવાના કામની રીત (૪)
૨૫. પત્ની (૨)
૨૬. કુસ્તીબાજ (૨)
૨૭. સમય, વખત (૪)
૨૯. મજબૂત બાંધાનું (૪)
૩૧. હેતુ, આશય (૪)
૩૩. સ્નેહ, હેત (૩)
૩૫. કુદરતી, સ્વાભાવિક (૩)
૩૬. પાણીનું ઘન સ્વરૂપ (૩)
૩૭. મોભનો ટેકો (૨)

### ઊભી ચાવી

૧. રાજેશ ખન્ના-ટીના મુનીમની ફિલ્મ (૩)
૨. ધૂળ (૨)
૩. અર્જુનનું ધનુષ્ય (૩)
૪. તલ્લીન, ગરક (૨)
૫. રાવત, ઘોડાવાળો (૩)
૬. ભોજન કરવું (૩)
૯. વપરાશ (૩)
૧૦. આકાશમાંથી ગંગાને પૃથ્વી પર લાવનાર રાજા (૪)
૧૧. નગરમાં ફરવું એ (૫)
૧૩. અંજામ, ફજેતી (૩)
૧૬. નવનીત (૩)
૧૭. ખોદવાનું એક ઓજાર (૨)
૧૯. રસકસથી ભરેલું, તાજું (૨)
૨૦. ઘોડા-બળદની એક પ્રકારની ચાલ (૩)
૨૨. મુકામ, છાવણી (૩)
૨૪. ફાટ, ચીરો (૩)
૨૫. મેરા ... મહાન (૩)
૨૬. એક જાતનું બારીક કાપડ (૪)
૨૭. અંધારિયાનો છેલ્લો દિવસ (૩)
૨૮. જ્ઞાન, ડહાપણ (૩)
૨૯. સંદેશો, જાણ (૩)
૩૦. તમોગુણ, અંધારું (૨)
૩૨. હોઠ, અધર (૨)
૩૪. અંત, છેડો (૨)

*- વનિતા હરીશ નાગડા (વડાલા)*



## સંખ્યાવન NUMBER GAME

અહીં ચોકઠામાં તમારે નીચે આપેલી સંખ્યાઓ યોગ્ય ખાનામાં મૂકવાની છે. શરૂઆત કરવાની સરળતા પડે એટલે એક સંખ્યા ૯૨ પહેલેથી આપી છે.

**બે આંકડાની સંખ્યા :** ૨૪, ૩૬, ૩૮, ૮૫, ૯૨

**ત્રણ આંકડાની સંખ્યા :** ૧૫૬, ૨૮૧, ૫૪૯, ૫૬૩, ૮૧૪, ૮૬૨, ૯૩૭, ૭૬૮

**ચાર આકડાની સંખ્યા :** ૧૮૫૭, ૨૪૭૩, ૨૬૧૪, ૩૪૧૫, ૫૧૧૪, ૫૨૪૩, ૬૧૩૫, ૭૫૪૨, ૮૩૧૫, ૮૪૩૨, ૯૬૪૨,

